# પ્રકરણ : ૨૩

# સિદ્ધનું સ્વરૂપ

**પ્રકરણની રૂપરેખા**

- પ્રાસ્તાવિક
  - ૧. અવસ્થાન
  - ૨. અવગાહના
  - ૩. આકાર
  - ૪. નિરૂપાધિક
  - ૫. પરમ નિરાલંબી
  - ૬. સંખ્યા
  - ૭. અપુનર્ભવ
- ઉપસંહાર




(હરિગીત)

**ज्ञानशरीरी त्रिविध कर्ममल-वर्जित सिद्धमहंता ।**
**ते है निकल अमल परमातम भोगैं शर्म अनंता ।।**

ભાવાર્થ : **અનંત સુખને ભોગવનારા એવા મહાન સિદ્ધ ભગવાનનું સ્વરૂપ દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મરૂપી ત્રણેય પ્રકારના કર્મમળથી રહિત હોય એવું નિર્મળ છે. અને આ સિદ્ધ પરમાત્મા પૌદ્ગલિક શરીરથી રહિત એવા જ્ઞાનમાત્ર શરીરી છે.** (છ ઢાળા : ઢાળ ૩ : ગાથા ૬નો પૂર્વાર્ધ)

મોક્ષપ્રાપ્ત સિદ્ધ ભગવાનનું સ્વરૂપ નિર્મળ અને નિ:શરીરી છે. સિદ્ધ ભગવાન દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મરૂપી કર્મમળથી તદ્દન રહિત હોવાથી નિર્મળ છે. અને તેઓ ચૈતન્યના ઘનપિંડ એવા ચિદ્‌બિંબસ્વરૂપી હોવાથી જ્ઞાનશરીરી છે અને તેથી પૌદ્ગલિક શરીરથી રહિત હોવાથી નિ:શરીરી છે.

સિદ્ધ દશા એ આત્માની પરમ પવિત્ર વીતરાગી શુદ્ધ દશા છે. શુદ્ધ દશા એક જ પ્રકારે હોય છે તેથી સિદ્ધનું સ્વરૂપ એક જ પ્રકારે હોય છે, સંસાર દશાની જેમ અનેક પ્રકારે હોતું નથી. નિર્મળ અને નિ:શરીરી એવા સિદ્ધ ભગવાનનું નિરૂપાધિક સ્વરૂપ સંસારથી તદ્દન અનોખું, અનુપમ અને અચિંત્ય છે. સિદ્ધ ભગવાન એ આપણા શુદ્ધાત્માનું જ સ્વરૂપ છે. શુદ્ધાત્માની પ્રાપ્તિ માટે સિદ્ધ ભગવાનનું સ્વરૂપ સમજવું જરૂરી છે. સિદ્ધ ભગવાન પોતાના આત્માનું જ વાસ્તવિક પ્રતિબિંબ છે. તેથી તેઓ પોતાના માટે પરમ આદર્શ છે. જે સિદ્ધ ભગવાનમાં છે તે પોતામાં પ્રગટ કરવાનું છે અને સિદ્ધ ભગવાનમાં નથી તે પોતાને છોડવાનું છે. તેથી તે પોતાના પરમ આરાધ્ય છે. આવા સિદ્ધ ભગવાનનું અલૌકિક સ્વરૂપ માત્ર અનુભવગોચર છે અને વચનઅગોચર છે. તોપણ મોક્ષમાર્ગી મહાત્માઓએ ભગવાનની દિવ્યવાણી અનુસાર સિદ્ધના સ્વરૂપ સંબંધી જે કોઇ ઉલ્લેખ કર્યો છે તેના આધારે સિદ્ધ ભગવાનનું સંક્ષિપ્ત સ્વરૂપ નીચેના મુદ્દાઓ મુજબ આપવામાં આવે છે—

૧. અવસ્થાન, ૨. અવગાહના, ૩. આકાર

૪. નિરૂપાધિક, ૫. પરમ નિરાલંબી

૬. સંખ્યા અને ૭. અપુનર્ભવ

## ૧. અવસ્થાન

**જીવના નિવાસ સ્થાન કે રહેઠાણને તેનું અવસ્થાન કહે છે. સિદ્ધ ભગવાનનું અવસ્થાન સિદ્ધશિલા છે.**

સંસારી જીવના ચારગતિના અવસ્થાન એ શુભાશુભભાવ ભોગવવા માટે ભાડે રાખેલ મકાન સમાન હોવાથી સતતપણે બદલાતા રહે છે. પણ જીવના મોક્ષનું અવસ્થાન તેના વીતરાગભાવનું ફળ હોવાથી તે ક્યારેય બદલાતું નથી અને કાયમ માટે એક જ સ્થાને રહે છે. તેથી ભવ્યજીવનું કાયમી નિવાસસ્થાન કે સરનામું સિદ્ધશિલા જાણવું. (સિદ્ધશિલાનું વર્ણન પ્રકરણ: ૨૦ ના અંતભાગમાં આવી ગયેલું છે.)

સિદ્ધશિલા ઉપર આવેલ અંતિમ તનુવાત નામના વાતવલયમાં જ્યાં સુધી ધર્માસ્તિકાય દ્રવ્ય છે ત્યાં સુધી લોકના એકદમ ટોચ ઉપરના ભાગે નિરાલંબી સ્થિતિમાં સિદ્ધ ભગવાન બિરાજે છે. લોકાગ્રે દરેક સિદ્ધ ભગવંતો શિરનો ભાગ એકજ સમથળ સપાટીએ આવે તે રીતે બિરાજે છે. અને જ્યાં એક સિદ્ધ ભગવંત હોય ત્યાં બીજા અનેક સિદ્ધ ભગવંતો પણ હોય છે. સૂક્ષ્મ પરિણામને કારણે તેઓ એકબીજાને બાધા પહોંચાડયા વિના એકબીજાને અવકાશ આપે છે. પોતાના કેટલાંક આત્મપ્રદેશો એકબીજામાં અવકાશ પામતા હોવા છતાં તેઓ પોતાનું આગવું અને અલગ અસ્તિત્વ જાળવી રાખે છે.

બધાં સિદ્ધ ભગવાનો ઉપરના ભાગે સદશપણે સમાન સપાટીએ એક જ ઉંચાઇએ હોય છે અને નીચેના ભાગે પોતપોતાની અવગાહના અનુસાર વિસદશપણે જુદી જુદી સપાટીએ ઊંચા-નીચા હોય છે.

## ૨. અવગાહના

**જીવના પરિમાણ, ઊંચાઈ વગેરેને તેની અવગાહના કહે છે. સિદ્ધ ભગવાનની અવગાહના કિંચિત્ ન્યૂનપણે ૩.૫ હાથ(૧.૪ મીટર) થી લઈને ૫૨૫ ધનુષ(૮૪૦ મીટર) સુધીની હોય છે.**

અયોગીકેવળીમાંથી જીવ મુક્તદશાનો ધારણ કરે છે ત્યારે તે 'ચરમ દેહથી કિંચિત્ ન્યૂનપણે સિદ્ધ અવસ્થા ધારણ કરે છે. ચરમ દેહના આંખ, કાન, નાક, છાતી, પેટ વગેરેના પોલાણના ભાગ પૂરાઇ જતા હોવાથી અંતિમ શરીરના પરિમાણથી લગભગ ૨/૩ ભાગ જેટલા પરિમાણવાળું સિદ્ધ ભગવાનનું અવસ્થાન હોય છે.

મોક્ષ પામનાર જીવ કર્મભૂમિનો પુંલ્લિંગી મનુષ્ય હોય છે. આવા મોક્ષ પામનાર મનુષ્યની વધુમાં વધુ ઊંચાઇ ૫૨૫ ધનુષ (૮૪૦ મીટર) અને ઓછામાં ઓછી ઊંચાઇ ૩.૫ હાથ(૧.૪ મીટર)ની હોય છે. તેથી સિદ્ધ ભગવાનની ઉત્કૃષ્ટ ઊંચાઇ કિંચિત્ ન્યૂનપણે ૫૨૫ ધનુષ (૮૪૦ મીટર)ની હોય છે. બાહુબલિ ભગવાનની ઊંચાઇ આટલી માનવામાં આવે છે. અને સિદ્ધ ભગવાનની જઘન્ય ઊંચાઇ કિંચિત્ ન્યૂનપણે ૩.૫ હાથ(૧.૪ મીટર)ની હોય છે.

લોકાગ્રે સિદ્ધશિલા ઉપર એક-એક સિદ્ધની અવગાહનામાં અન્ય અનંત-અનંત સિદ્ધો પોતપોતાની અલગ-અલગ સત્તા સહિત સ્થિત હોય છે. તેઓ એકક્ષેત્રાવગાહે હોવાં છતાં એકબીજામાં મળતાં નથી અને પોતપોતાનું અલગ અસ્તિત્વ જાળવી રાખે છે.

## ૩. આકાર

**જીવની આકૃતિ કે ઘાટને તેનો આકાર કહે છે. સિદ્ધ ભગવાનનો આકાર સામાન્ય રીતે પદ્માસન કે ખડગાસનની સ્થિતિમાં પુંલ્લિંગી મનુષ્યાકારે હોય છે.**

પ્રદેશત્વ સામાન્ય ગુણ છે. પ્રદેશત્વ ગુણના કારણે દરેક પદાર્થનો કોઇ ને કોઇ આકાર અવશ્ય હોય જ છે. તેથી હયાતિ ધરાવતો કોઇ પણ પદાર્થ આકાર વિનાનો હોતો નથી. સિદ્ધ ભગવાનની હયાતિ છે તેથી તેનો આકાર પણ છે. સિદ્ધ ભગવાન તેમની પૂર્વેની અરિહંત દશાના અંતિમ દેહ જેવા આકારે હોય છે. તેમનો અંતિમ દેહ મનુષ્ય પર્યાયનો અને પુરુષલિંગનો હોય છે. મુક્તદશા પામતા સમયે તેઓ સામાન્યપણે પદ્માસન કે ખડગાસનની ધ્યાનસ્થ સ્થિતિમાં હોય છે. તેથી સિદ્ધ ભગવાન પણ તે સમયના આકારે હોય છે. વિશેષમાં આંખ, કાન, નાક, છાતી, પેટ વગેરેના પોલાણો પૂરાઇ જતો હોવાથી અશરીરી ચિદ્‌બિંબસ્વરૂપી સિદ્ધ ભગવાન અંતિમ દેહથી કિંચિત્ ન્યૂન આકારે હોય છે.

**પ્રશ્ન : સિદ્ધ ભગવાન અશરીરી છે તો તેનો આકાર કઈ રીતે?**

**ઉત્તર :** સિદ્ધ ભગવાન અશરીરી છે પણ તેથી આકાર વિનાના નથી. અશરીરી સિદ્ધ ભગવાનનો અરૂપી કે અમૂર્તિક આકાર હોય છે. જે અંતિમ શરીરને છોડીને જીવ મુક્ત થાય તે અંતિમ શરીરથી કિંચિત્ ન્યૂન આકારે સિદ્ધ ભગવાન હોય છે.



**પ્રશ્ન : સિદ્ધ ભગવાન નિરાકાર કહેવાય છે. તો પછી તેનો આકાર કઈ રીતે?**

**ઉત્તર :** સિદ્ધ ભગવાનને શરીર ન હોવાથી રૂપી કે મૂર્તિક આકાર નથી તે રીતે તેઓ નિરાકાર છે. તોપણ તેઓ અરૂપી કે અમૂર્તિક આકાર ધરાવવાને કારણે સાકાર પણ છે.

શરીરાદિ મૂર્તિક પદાર્થની લંબાઇ, પહોળાઇ, મોટાઇ વગેરે દ્વારા તેનો ઘાટ કે આકૃતિ છદ્મસ્થ જીવ દ્વારા જાણી શકાતા હોવાથી મૂર્તિક પદાર્થને સાકાર કહે છે. અને અમૂર્તિક પદાર્થનો ઘાટ કે આકૃતિ છદ્મસ્થ જીવ જાણી શકતો ન હોવાથી તેને નિરાકાર કહે છે. પુદ્‌ગલ સિવાયના બાકીના બધાં દ્રવ્યો અમૂર્તિક હોવાથી નિરાકાર કહેવાય છે. પણ ત્યાં નિરાકાર એટલે અમૂર્તિકપણું જાણવું. વાસ્તવમાં હયાતિ ધરાવનારો કોઇ પણ પદાર્થ આકાર વિનાનો હોતો જ નથી. વાસ્તવમાં શરીર સહિતના સંસારી જીવનો આકાર અશુદ્ધ વિભાવિક છે. પણ શરીર રહિતના સિદ્ધ ભગવાનનો આકાર શુદ્ધ સ્વાભાવિક છે.

**પ્રશ્ન : શા માટે સંસારી જીવનો આકાર અશુદ્ધ વિભાવિક છે અને સિદ્ધ ભગવાનનો આકાર શુદ્ધ સ્વાભાવિક છે?**

**ઉત્તર :** કોઇ પણ પદાર્થ પ્રદેશત્વ ગુણ સહિતનો હોવાથી

તેનો કોઇ ને કોઇ આકાર અવશ્ય હોય જ છે. પદાર્થના આકારને દ્રવ્યપર્યાય કે વ્યંજનપર્યાય કહે છે. તે બે પ્રકારે હોય છે. વિભાવવ્યંજનપર્યાય અને સ્વભાવવ્યંજનપર્યાય. પરસાપેક્ષ થતી વ્યંજનપર્યાયને વિભાવ વ્યંજનપર્યાય કહે છે. જે અશુદ્ધ અને વિભાવિક હોય છે. સંસારી જીવની પર્યાય આ પ્રકારની હોય છે. અને પરનિરપેક્ષ થતી વ્યંજનપર્યાયને સ્વભાવ વ્યંજનપર્યાય કહે છે. જે શુદ્ધ અને સ્વાભાવિક હોય છે. સિદ્ધ ભગવાનની પર્યાય આ પ્રકારની સ્વભાવ વ્યંજન પર્યાય છે.

સશરીરી સંસારી જીવને કર્મ સાપેક્ષતાના કારણે સ્વરૂપની અસ્થિરતા, આત્મપ્રદેશોનું કંપન, ગમનાગમનની ક્રિયા અને વૃદ્ધિ-હાનિ હોય છે. જેથી તેનો આકાર સતતપણે બદલાતો એવો અસ્થિર અને ક્ષણિક હોય છે. જે તેના આકારની અશુદ્ધ વિભાવિક દશા કે વિભાવવ્યંજનપર્યાય છે.

અશરીરી સિદ્ધ ભગવાનને કર્મનિરપેક્ષતાના કારણે સ્વરૂપની સંપૂર્ણ સ્થિરતા, આત્મપ્રદેશોનું અકંપન, ગમનાગમનનો અભાવ અને વૃદ્ધિ-હાનિથી રહિતપણું હોય છે. જેથી તેનો આકાર કાયમ માટે એકરૂપ એવો નિશ્ચલ અને શાશ્વત હોય છે. જે તેના આકારની શુદ્ધ સ્વાભાવિક દશા કે સ્વભાવવ્યંજનપર્યાય છે.

### ૪- નિરૂપાધિક

**કોઈ પ્રકારની પીડા, બાધા, આપદા, બોજો, ચિંતા, ફરજ કે જવાબદારી જેવી બાબતને ઉપાધિ કહે છે. ઉપાધિના સર્વથા અભાવને નિરુપાધિકપણું કહે છે. સિદ્ધ ભગવાન સર્વ પ્રકારની ઉપાધિથી સંપૂર્ણ મુકત હોવાથી તેમનું સ્વરૂપ નિરુપાધિક છે.**

સિદ્ધ ભગવાનનું નિરૂપાધિક સ્વરૂપ દર્શાવતા આચાર્યશ્રી પુષ્પદંત કહે છે—

**सिद्धाः निष्ठिताः कृतकृत्याः सिद्धसाध्याः नष्टाष्टकर्माणः ।**

**નિષ્ઠિત એટલે કે જે પોતાના સ્વરૂપમાં સંપૂર્ણ સ્થિત છે. કૃતકૃત્ય એટલે કે જેણે કરવા યોગ્ય સઘળાં કાર્યો કરેલ છે. સિદ્ધસાધ્ય એટલે કે જેણે પોતાના સાધ્યની સિદ્ધિ કરેલ છે. અને નષ્ટાષ્ટકર્માણ એટલે કે જેણે આઠેય કર્મો નાશ કરેલ છે. આ સિદ્ધ ભગવાનનું સ્વરૂપ છે, જે તેના નિરૂપાધિકપણાનો નિર્દેશ કરેલ છે.**

(ષટ્ખંડાગમઃ ધવલા ટીકા સમન્વિત : પુસ્તક ૧, પાનું ૪૭)

જીવ સંબંધી કોઇ પણ બાબત કે અધિકાર સંબંધી કોઇ પણ ઉપાધિ સિદ્ધ ભગવાનને હોતી નથી. તેથી સિદ્ધ ભગવાનનું સ્વરૂપ નિરૂપાધિક માનવામાં આવે છે. જીવ સંબંધી મુખ્ય બાબતો કે અધિકારો નીચે મુજબ છે.

૧. જીવત્વ, ૨. ચેતયિતૃત્વ, ૩. ઉપયોગ,

૪. કર્તૃત્વ, ૫. ભોક્તૃત્વ, ૬. પ્રભુત્વ અને

૭. દેહપ્રમાણપણું.

જીવ સંબંધી ઉપરોકત મુખ્ય બાબતો કે અધિકારો સંબંધી સંસારી જીવને સોપાધિકપણું હોય છે પણ સિદ્ધ ભગવાનને નિરૂપાધિકપણું હોય છે. તે આ રીતે —

#### ૧. જીવત્વ

**જેનાથી જીવનું જીવન છે તેને જીવનું જીવત્વ કહે છે.**

સંસારી જીવનું જીવત્વ પાંચ ઇન્દ્રિય, મન-વચન-કાયારૂપ ત્રણ બળ, આયુષ્ય અને શ્વાસોચ્છ્વાસ જેવા પોતાથી બહારના પૌદ્ગલિક દ્રવ્યપ્રાણો ઉપર આધારિત હોવાથી તે સોપાધિક છે. પણ સિદ્ધ ભગવાનનું જીવત્વ એક માત્ર ચૈતન્યમય પોતાના જ ભાવપ્રાણ ઉપર આધારિત હોવાથી તે નિરૂપાધિક છે.

#### ૨. ચેતયિતૃત્વ

**જીવ જેને ચેતે છે એટલે કે વેદે કે અનુભવે છે તેને તેનું ચેતયિતૃત્વ કહે છે.**

સંસારી જીવો કર્માવરણથી સંયુકત હોવાના કારણે પ્રધાનપણે કર્મચેતના અને કર્મફળચેતનાને જ વેદનારા હોવાથી તેમનું ચેતયિતૃત્વ સોપાધિક છે. પણ સિદ્ધ ભગવંતો સકળ કર્માવરણથી વિમુકત હોવાના કારણે માત્ર જ્ઞાનચેતનાને જ વેદનારા હોવાથી તેમનું ચેતયિતૃત્વ નિરૂપાધિક છે.

#### ૩. ઉપયોગ

**આત્માનો ચૈતન્ય-અનુવિધાયી એટલે કે ચૈતન્યને અનુસરીને થતા પરિણામને ઉપયોગ કહે છે. આ ઉપયોગ બે પ્રકારે છે - અશુદ્ધોપયોગ અને શુદ્ધોપયોગ.**

સંસારી જીવનો શુભાશુભભાવરૂપ અશુદ્ધોપયોગ કર્માવરણના કારણે જ્ઞેય પદાર્થને અવલંબીને ઉપજતો

હોવાથી તે સોપાધિક છે. અને સિદ્ધ ભગવાનનો સંપૂર્ણ સ્વરૂપ સ્થિરતારૂપ શુદ્ધોપયોગ સમસ્ત કર્માવરણના અત્યંત ક્ષયે આત્મસ્વરૂપને જ અવલંબીને ઉપજતો હોવાથી તે નિરૂપાધિક છે.

### ૪. કર્તૃત્વ

**જીવના પોતાના પરિણામોના કરવાપણારૂપ કાર્યને કર્તૃત્વ કહે છે.**

પૌદ્ગલિકકર્મનાં સદ્ભાવ ધરાવતા સંસારી જીવ કર્મસાપેક્ષ અશુદ્ધ આત્મપરિણામોનો કરનાર હોવાથી તેનું કર્તૃત્વ સોપાધિક છે. પણ પૌદ્ગલિકકર્મનો અત્યંત અભાવ ધરાવતા સિદ્ધ ભગવંત કર્મનિરપેક્ષ શુદ્ધ આત્મપરિણામોના કરનાર હોવાથી તેનું કર્તૃત્વ નિરૂપાધિક છે.

### ૫. ભોકતૃત્વ

**જીવ જેને કરે તેવા પોતાના પરિણામજન્ય સુખ-દુ:ખને ભોગવવાપણારૂપ કાર્યને ભોકતૃત્વ કહે છે.**

કર્તૃત્વ અને ભોકતૃત્વ એક સાથે અને એક સરખું હોય છે. સંસારી જીવનું કર્તૃત્વ સોપાધિક છે તો તેનું ભોકતૃત્વ પણ સોપાધિક છે અને સિદ્ધ ભગવાનનું કર્તૃત્વ નિરૂપાધિક છે તો તેનું ભોકતૃત્વ પણ નિરૂપાધિક છે. સંસારી જીવ સ્વરૂપની પરાધીનતા જેનું લક્ષણ છે એવા કર્માધીન ઇન્દ્રિયવિષયક સુખ-દુઃખને ભોગવનારો હોવાથી તેનું ભોકતૃત્વ સોપાધિક છે. જ્યારે સિદ્ધ ભગવાન સ્વરૂપની સ્વાધીનતા જેનું લક્ષણ છે એવા કર્મનિરપેક્ષ અતીન્દ્રિય આત્મિક સુખને ભોગવનારા હોવાથી તેનું ભોકતૃત્વ નિરૂપાધિક છે.

### ૬. પ્રભુત્વ

**જીવના આત્મિક અધિકારની પ્રગટતાને તેનું પ્રભુત્વ કહે છે.**

સંસારી જીવ કર્મસંયુકત હોવાથી પોતાના કોઇ પણ આત્મિક અધિકારને પ્રગટ કરવામાં અને તેનો અમલ કરવામાં સ્વયં અસમર્થ અને પરતંત્ર હોવાથી તેનું પ્રભુત્વ સોપાધિક છે. જ્યારે સિદ્ધ ભગવંત કર્મવિમુકત હોવાથી પોતાના સમસ્ત આત્મિક અધિકારને પ્રગટ કરવામાં અને તેનો અમલ કરવામાં સ્વયં સમર્થ અને સ્વતંત્ર હોવાથી તેનું પ્રભુત્વ નિરૂપાધિક છે.

### ૭. દેહપ્રમાણપણું

**જીવના શરીરપ્રમાણ કદ અને આકારને તેનું દેહપ્રમાણપણું કહે છે.**

સંસારી જીવનું ઔદારિકાદિ શરીરપ્રમાણ કદ અને આકારવાળું દેહપ્રમાણપણું નામકર્મરૂપ પુદ્ગલપરિણામ સંતતિને કારણે હોવાથી તે સોપાધિક છે. જ્યારે સિદ્ધ ભગવાનનું ચરમ દેહથી કિંચિત્ ન્યૂન કદ અને આકારવાળું દેહપ્રમાણપણું સમસ્તકર્મના સંપૂર્ણક્ષયના કારણે હોવાથી તે નિરૂપાધિક છે.

સિદ્ધ ભગવાનના સંસારી જીવ સાપેક્ષ નિરૂપાધિકપણાની ઉપરોકત સમજૂતીને ટૂંકમાં નીચેના કોઠા અનુસાર દર્શાવી શકાય છે.

| સંસારી જીવ | જીવ સંબંધી | સિદ્ધ ભગવાન |
|---|---|---|
| ૧. પૌદ્ગલિક દ્રવ્યપ્રાણો ઉપર આધારિત તેનું જીવત્વ સોપાધિક છે. | ૧. જીવત્વ જીવના જીવનને જીવત્વ કહે છે. | ૧. ચૈતન્યમય ભાવપ્રાણ ઉપર આધારિત હોવાથી તેનું જીવત્વ નિરૂપાધિક છે. |
| ૨. કર્મ અને કર્મફળ ચેતનાને વેદનારો હોવાથી તેનું ચેતયિતૃત્વ સોપાધિક છે. | ૨. ચેતતિતૃત્વ જીવના વેદનને ચેતયિતૃત્વ કહે છે. | ૨. જ્ઞાન ચેતનાને જ વેદનારો હોવાથી તેનું ચેતયિતૃત્વ નિરૂપાધિક છે. |
| ૩. ઉપયોગ શુભાશુભભાવરૂપ અશુદ્ધ હોવાથી સોપાધિક છે. | ૩. ઉપયોગ ચૈતન્યઅનુવિધાયિ જીવના પરિણામને ઉપયોગ કહે છે. | ૩. ઉપયોગ સ્વરૂપ સ્થિરતાના વીતરાગભાવરૂપ શુદ્ધ હોવાથી તે નિરૂપાધિક છે. |
| ૪. કર્મસાપેક્ષ અશુદ્ધ આત્મપરિણામનો કર્તા હોવાથી તેનું કતૃત્વ સોપાધિક છે. | ૪. કર્તૃત્વ જીવના પોતાના પરિણામોના કરવાપણારૂપ કાર્યને કર્તૃત્વ કહે છે. | ૪. કર્મ નિરપેક્ષ શુદ્ધ આત્મપરિણામોનો કરનાર હોવાથી તેનું કર્તવ્ય નિરૂપાધિક છે. |
| ૫. ઇન્દ્રિય વિષયક પરાધીન સુખ-દુઃખને ભોગવનાર હોવાથી તેનું ભોકતૃત્વ સોપાધિક છે. | ૫. ભોકર્તૃત્વ જીવના પરિણામ જન્ય સુખદુઃખના ભોગવટાને ભોકતૃત્વ કહે છે. | ૫. અતીન્દ્રિય આત્મિક સ્વાધીન સુખને ભોગવનાર હોવાથી તેનું ભોકતૃત્વ નિરૂપાધિક છે. |
| ૬ કર્મસંયુકતપણાના કારણે આત્મિક અધિકારની પ્રગટતા પરતંત્ર હોવાથી તેનું પ્રભુત્વ સોપાધિક છે. | ૬. પ્રભુત્વ જીવના આત્મિક અધિકારની પ્રગટતાને પ્રભુત્વ કહે છે. | ૬. કર્મવિમુકતપણાને કારણે આત્મિક અધિકારની પ્રગટતામાં સ્વતંત્ર હોવાથી તેનું પ્રભુત્વ નિરૂપાધિક છે. |
| ૭. ઔદારિકાદિ દેહપ્રમાણપણું નામકર્મરૂપ પુદ્ગલપરિણામ સંતતિના કારણે હોવાથી તે સોપાધિક છે. | ૭. દેહ પ્રમાણપણું શરીર પ્રમાણ જીવના કદ અને આકારને દેહપ્રમાણ કહે છે. | ૭. ચરમ દેહથી કિંચિત્ ન્યૂન દેહપ્રમાણપણું સમસ્તકર્મોના સંપૂર્ણ ક્ષયના કારણે હોવાથી તે નિરૂપાધિક છે. |

## ૫. પરમ નિરાલંબી

જીવની સ્થિતિ માટે કોઈપણ પ્રકારના આધાર કે ટેકાના અભાવને નિરાલંબીપણું કહે છે. જીવની શરીર રહિતની લોકાગ્રે નિરાલંબી સહજ સ્થિતિને પરમ નિરાલંબીપણું કહે છે. જગતમાં સિદ્ધ ભગવાનનું સ્વરૂપ પરમ નિરાલંબી છે.

પરમ વીતરાગ અને પરમ મુક્ત હોવાથી પરમ શુદ્ધ એવા સિદ્ધ ભગવાન પરમ નિરાલંબીપણે બિરાજમાન હોય છે.

નિશ્ચયથી દરેક આત્મા પોતાના ત્રિકાળી શુદ્ધ સ્વભાવના આધારે હોવા છતાં અશુદ્ધ અવસ્થામાં તેને કોઇ બાહ્ય આધારની આવશ્યકતા રહે છે. પણ પરમ શુદ્ધ અવસ્થા ધરાવતા સિદ્ધ ભગવાનને આવા કોઇ આધારની જરૂર હોતી નથી. જેવી રીતે પરમ શુદ્ધ એવા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળદ્રવ્ય કોઇના પણ આધાર વિના પરમ નિરાલંબીપણે સ્થિત હોય છે. તેવી રીતે પરમ શુદ્ધ એવા સિદ્ધ ભગવાન પણ કોઇના પણ આધાર વિના પરમ નિરાલંબીપણે સ્થિત હોય છે.

અશુદ્ધ અવસ્થા ધરાવતા સંસારી જીવને પોતાના સ્થાન કે સ્થિતિ માટે કોઇ આલંબનની જરૂર રહે છે. તેથી સંસારી જીવની સ્થિતિ માટે કોઇ આધાર, ટેકો, આસન કે બેઠક હોય છે. તેથી સંસારી જીવની સ્થિતિ સાલંબી હોય છે. પણ સિદ્ધ ભગવાન શુદ્ધ અવસ્થા ધરાવતા હોવાથી તેમની સ્થિતિ નિરાલંબી હોય છે.

**પ્રશ્ન : શા માટે અશુદ્ધ અવસ્થા ધરાવતા સંસારી જીવની સ્થિતિ સાલંબી હોય છે અને શુદ્ધ અવસ્થા ધરાવતા સિદ્ધ ભગવાનની સ્થિતિ નિરાલંબી હોય છે ?**

**ઉત્તર :** જીવદ્રવ્યની સ્થિતિ નિશ્ચય કે ઉપાદાન કારણપણે પોતાના ત્રિકાળ ધ્રુવ દ્રવ્યના આધારે હોવા છતાં વ્યવહાર કે નિમિત્ત કારણપણે તે પોતાથી બાહ્ય કોઇ અનુકૂળ પદાર્થના આધારે હોય છે. અહીં જીવની અશુદ્ધ અવસ્થાની સ્થિતિ માટે અન્ય દ્રવ્યની અશુદ્ધ અવસ્થા નિમિત્ત હોય છે અને શુદ્ધ અવસ્થાની સ્થિતિ માટે અન્ય દ્રવ્યની શુદ્ધ અવસ્થા નિમિત્ત હોય છે.



સંસારી જીવની અશુદ્ધ અવસ્થાની ગતિપૂર્વકની અશુદ્ધ સ્થિતિ માટે અન્ય પુદ્ગલદ્રવ્યની અશુદ્ધ અવસ્થા નિમિત્ત હોય છે. જેને પ્રેરક નિમિત્ત કહે છે. આ પ્રેરક નિમિત્ત એ સંસારી જીવની નૈમિત્તિક સ્થિતિને સાપેક્ષ હોય છે. તેથી અશુદ્ધ અવસ્થા ધરાવતા સંસારી જીવની સ્થિતિ માટે પૌદ્ગલિક પદાર્થના જમીન, આસન જેવી અશુદ્ધ અવસ્થા પ્રેરક નિમિત્ત તરીકે હોય છે. આ પ્રેરક નિમિતની અપેક્ષા એટલે કે આલંબનપૂર્વક સંસારી જીવની સ્થિતિ હોય છે. તેથી સંસારી જીવની સ્થિતિ સાલંબી છે.

સિદ્ધ ભગવાનની શુદ્ધ અવસ્થાની ગતિપૂર્વકની શુદ્ધ સ્થિતિ માટે અન્ય અધર્માસ્તિકદ્રવ્યની શુદ્ધ અવસ્થા નિમિત્ત હોય છે. જેને ઉદાસીન નિમિત્ત કહે છે. આ ઉદાસીન નિમિત્ત એ સિદ્ધ ભગવાનની નૈમિતિક સ્થિતિને નિરપેક્ષ હોય છે. તેથી શુદ્ધ અવસ્થા ધરાવતા સિદ્ધ ભગવાનની સ્વાભાવિક સ્થિતિ માટે પૌદ્ગલિક જમીન, આસન જેવા પ્રેરક નિમિત્ત હોતા નથી પણ અધર્માસ્તિકાયદ્રવ્ય ઉદાસીન નિમિત્ત તરીકે હોય છે. આ ઉદાસીન નિમિત્તપૂર્વક થતી સિદ્ધ ભગવાનની સ્થિતિ નિમિત્તની અપેક્ષા કે આલંબન વગરની હોય છે. તેથી સિદ્ધ ભગવાનની સ્થિતિ નિરાલંબી છે.

શુદ્ધ અવસ્થા ધરાવતા સશરીરી અરિહંત ભગવાનની સ્થિતિ પણ નિરાલંબી હોય છે. તો શુદ્ધ અવસ્થા ધરાવતા અશરીરી સિદ્ધ ભગવાનની સ્થિતિ નિરાલંબી કેમ ન હોય ? જરૂર હોય જ.

**પ્રશ્ન : અરિહંત ભગવાનનું નિરાલંબીપણું કઇ રીતે અને શા માટે છે ?**


**ઉત્તર :** શુદ્ધ પરિણમનવાળી સ્થિતિ હંમેશાં નિરાલંબી હોય છે. અરિહંત ભગવાનને ઘાતિકર્મોનો સંપૂર્ણ ક્ષય થતા પ્રગટતી આત્માની સહજ શુદ્ધ અવસ્થા છે. તેથી અરિહંત દશામાં સહજ શુદ્ધ સ્વાભાવિક સ્વાવલંબી પરિણમન હોય છે. અરિહંતનું આત્મદ્રવ્ય પોતે જ સ્વાવલંબી રીતે પરિણમતા તેના પરિણમનમાં પરની કોઇ અપેક્ષા હોતી નથી. તેથી તેની સ્થિતિમાં કોઇ પરપદાર્થનું પરાવલંબન હોતું નથી. તેથી કેવળજ્ઞાન થતાં જ અરિહંત

ભગવાનની સ્વ-આધારરૂપ સહજ સ્થિતિ પ્રગટે છે અને પર-આધારરૂપ કૃત્રિમતા ટળી જાય છે. તેથી અરિહંત ભગવાન જમીનથી વીસ હજાર હાથ ઊંચે અદ્ધર આકાશમાં બિરાજે છે. તીર્થંકર અરિહંત સમવસરણમાં આવેલ કમલાસન ઉપર બિરાજતા હોવા છતાં તેનાથી ચાર આંગળ ઊંચે અંતરિક્ષમાં બિરાજમાન હોય છે. અરિહંત ભગવાનની આવી સ્થિતિમાં જમીનનો કે કમલાસનનો કોઇ આધાર હોતો નથી. અરિહંત ભગવાનનું આત્મદ્રવ્ય નિરાલંબી થવાથી તેની સાથે સંબંધિત દેહ પણ નિરાલંબીપણે અદ્ધર આકાશમાં રહે છે. અરિહંત ભગવાનનું નિરાલંબીપણું હોવા છતાં તે સિદ્ધ ભગવાન જેવું પરમ નિરાલંબીપણું નથી. પરમ નિરાલંબીપણું એ સિદ્ધ ભગવાનની વિશેષતા છે.

**પ્રશ્ન : સિદ્ધ ભગવાનનું નિરાલંબીપણું એ પરમ કઇ રીતે છે ? અરિહંત ભગવાનના નિરાલંબીપણાથી તે કઇ રીતે જૂદું પડે છે ? તેની વિશેષતા શી છે ?**

ઉત્તર : સિદ્ધ ભગવાનનું નિરાલંબીપણું એ અશરીરી દશામાં લોકાગ્રે સ્થાયી સ્થિતિમાં હોય છે. તેથી તે પરમ નિરાલંબીપણું છે.

અરિહંત ભગવાનને અઘાતિ કર્મો અને તેના કારણે થતાં શરીરનો સદ્ભાવ છે. શરીરના સંયોગના કારણે અરિહંત ભગવાનનું નિરાલંબીપણું એ પરમ નિરાલંબીપણું કહેવાતું નથી. શરીરના કારણે અરિહંત ભગવાનને ભાવમોક્ષ હોવા છતાં દ્રવ્યમોક્ષ નથી. દ્રવ્યમોક્ષ વિના અરિહંત ભગવાન અદ્ધર આકાશમાં વીસ હજાર હાથ ઊંચે હોવા છતાં લોકના અગ્ર ભાગે હોતા નથી. તેથી તે નિરાલંબીપણું હોવા છતાં પરમ નિરાલંબીપણું નથી, જે સિદ્ધ ભગવાનને હોય છે.



શુદ્ધ અવસ્થા ધરાવનાર આકાશ દ્રવ્ય અન્ય કોઇના આધાર વિના પોતાના જ આધારે પરમ નિરાલંબીપણે હોય છે, તેમ શુદ્ધ અવસ્થા ધરાવનાર સિદ્ધ ભગવાન પણ અન્ય કોઇના આધાર વિના પોતાના જ આધારે પરમ નિરાલંબીપણે હોય છે. વળી સિદ્ધ ભગવાનની પરમ શુદ્ધ સ્થિતિ જ તેમના પરમ નિરાલંબીપણાનું કારણ છે.

સિદ્ધ ભગવાનના પરમ નિરાલંબીપણામાં તેઓ અશરીરી દશામાં, સિદ્ધશિલા ઉપર લોકના અગ્ર ભાગે, સાદિ-અનંત સ્થાયી અને પરમ નિશ્ચલ દશામાં સ્થિત હોય છે તે તેની વિશેષતા છે.

## ૬- સંખ્યા

**સિદ્ધોની ગણત્રીને તેની સંખ્યા કહે છે. સિદ્ધોની સંખ્યા અનંત છે.**


દર છ મહિના ને આઠ સમયના વિભાગમાં છસો ને આઠ જીવો નિયમથી મોક્ષે જાય છે. અનાદિકાળથી આજ સુધીમાં અનંત જીવો મોક્ષે ગયા છે. વર્તમાન પંચમકાળમાં આપણા ભરતક્ષેત્રમાંથી કોઇ મોક્ષે જતું નથી. પણ વિદેહક્ષેત્રમાંથી મોક્ષગમન કાયમ માટે ચાલુ જ હોય છે. એક સમય પછી બીજા સમયે પણ જીવ મોક્ષ પામતો રહે તો વધુમાં વધુ આઠ સમય સુધી સતતપણે જીવ મોક્ષ પામતો રહે છે, ત્યાર પછી નિયમથી અંતરાલ કે વિરામ આવે છે. આ અંતરાલ કે વિરામ વધુમાં વધુ છ મહિના સુધીનો હોય શકે છે. એટલે કે છ મહિના સુધી કોઇ જીવ કોઇ જીવ મોક્ષે ન ગયો હોય તેવું બની શકે છે. પણ આવા સંજોગોમાં છ મહિના પછીના આઠ સમયમાં કુલ છસો ને આઠ જીવો અવશ્ય મોક્ષ પામે છે. તેથી છ મહિના ને આઠ સમયના વિભાગમાં છસો ને આઠ જીવોના મોક્ષનો નિયમ જળવાઇ રહે છે.એક સમયમાં એક સાથે મોક્ષ પામનારા જીવો એક થી માંડીને એક સો ને આઠ સુધીના હોય છે. એટલે કે એક સમયમાં એક સાથે વધુમાં વધુ એક સો ને આઠ જીવો મોક્ષ પામી શકે છે. તોપણ છ મહિના ને આઠ સમયના નિશ્ચિત સમયના વિભાગમાં છ સો ને આઠ જીવો જ મોક્ષે જાય છે. તેનાથી વધુ કે ઓછા જીવો મોક્ષ પામતા નથી. અત્યાર સુધીમાં આવા અનંત જીવો મોક્ષે ગયા હોવા છતાં તે ભૂતકાળના સમયોના અસંખ્યાતમા ભાગપ્રમાણ જ હોય છે.

**પ્રશ્ન : અત્યાર સુધીમાં મોક્ષ પ્રાપ્ત સિદ્ધ ભગવંતો અનંત હોવા છતાં તે અતીતકાળના સમયોના અસંખ્યાતમા ભાગપ્રમાણ જ શા માટે ?**

ઉત્તર : દર છ મહિના ને આઠ સમયના વિભાગમાં છસો ને આઠ જીવો નિયમથી મોક્ષને પામે છે. અનાદિકાળથી આજ સુધીમાં આવા છ મહિનાને આઠ સમયના વિભાગો અનંત પસાર થઇ ગયા અને તે દરેક વિભાગમાં છસો ને આઠ જીવો મોક્ષને પામ્યા. તેથી અત્યાર સુધીમાં અનંત જીવો મોક્ષને પામેલ છે. તોપણ આ મોક્ષપ્રાપ્ત સિદ્ધ ભગવંતો અતીતકાળના

સમયોના અસંખ્યાતમા ભાગ પ્રમાણ જ હોય છે. તેનું કારણ એ છે કે છ મહિના ને આઠ સમયના કુલ સમયો અસંખ્યાત છે. ખરેખર તો એક સેકન્ડના પણ અસંખ્યાત સમયો હોય છે. અને છ મહિના ને આઠ સમયના કુલ સંખ્યાત સમયના ગાળામાં મોક્ષ પામનાર સિદ્ધ ભગવાનો માત્ર છસો ને આઠ હોય છે. આ છસો ને આઠ સિદ્ધ ભગવાનો કરતાં છ મહિના ને આઠ સમયના કુલ સમયો અસંખ્યાતગણા હોય છે. છસો ને આઠનો આંકડો છ મહિનાને આઠ સમયના કુલ સમયના સંખ્યાતમાં ભાગ પ્રમાણ જ હોય છે. તેથી મોક્ષપ્રાપ્ત સિદ્ધ ભગવાનો અનંત હોવા છતાં તે અતીતકાળના સમયો કરતાં કાયમ માટે અસંખ્યાતમાં ભાગ પ્રમાણ જ હોય છે.

દર છ મહિનાને આઠ સમયમાં વ્યવહારરાશિના જીવોમાંથી છસો ને આઠ જીવો મોક્ષે જાય છે. આ ક્રમ અનાદિકાળથી સતત ચાલુ જ છે. આ રીતે આજ સુધીમાં અનંત જીવો મોક્ષે ગયા છે તોપણ વ્યવહારરાશિના સંસારી જીવો કાયમ માટે જેટલા ને તેટલા જ બન્યા રહે છે.



**પ્રશ્ન : સંસારી જીવની વ્યવહારરાશિમાંથી આજ સુધીમાં અનંત જીવો મોક્ષે ગયા છે. તોપણ તે વ્યવહારરાશિના જીવો કાયમ માટે જેટલા ને તેટલા શી રીતે બની રહે છે ?**

**ઉત્તર :** ‘નિત્ય નિગોદ સિવાયના બાકીના બધાં સંસારી જીવોને વ્યવહારરાશિના જીવો કહેવાય છે. આ વ્યવહારરાશિના જીવોમાં મનુષ્ય, નારકી, દેવ, પશુ, વિકલત્રય, સ્થાવર, ‘ઈતર નિગોદ જેવાં બધાં જીવોનો સમાવેશ છે. જગતમાં આ જીવો હંમેશાં જેટલાં ને તેટલાં જ બન્યા રહે છે. મનુષ્યોના જીવો સૌથી ઓછા હોય છે. તોપણ તેઓ ૨૯ આંકડાની સંખ્યા પ્રમાણ છે. આ મનુષ્યોની સંખ્યા કાયમ માટે જેમની તેમ જળવાઈ રહે છે. તેમાં એક પણ જીવની વધઘટ થતી નથી. મનુષ્યની જેમ નારકી, દેવ વગેરે માટે પણ તે જ રીતે જાણવું.

વ્યવહારરાશિમાંથી જે જીવો મોક્ષ પામે તે ફરી પાછા સંસારમાં પરત આવતા નથી. તોપણ વ્યવહારરાશિમાંથી જેટલા જીવો મોક્ષે જાય તેટલાં જ જીવો તે જ સમયે નિત્ય નિગોદમાંથી વ્યવહારરાશિમાં આવે છે. એટલે કે છ મહિના ને આઠ સમયના ગાળામાં છસો ને આઠ જીવો મોક્ષે જાય છે અને તેટલાં જ જીવો નિત્ય નિગોદમાંથી વ્યવહારરાશિમાં આવે છે. તેથી વ્યવહારરાશિના જીવો કાયમ માટે જેટલાં ને તેટલાં જ બન્યા રહે છે. અને તેની સંખ્યામાં કોઈ વધઘટ થતી નથી.

**પ્રશ્ન : નિત્ય નિગોદમાંથી દર છ મહિના ને આઠ સમયમાં છસો ને આઠ જીવો વ્યવહારરાશિમાં આવતા રહે તો એક દિવસ નિત્ય નિગોદના બધાં જીવો વ્યવહારરાશિમાં આવી જાય અને નિત્ય નિગોદ ખાલી થઈ જાય ?**

**ઉત્તર :** વ્યવહારરાશિમાંથી જેટલા જીવો મોક્ષે જાય તેટલા જ જીવો નિત્ય નિગોદમાંથી વ્યવહારરાશિમાં આવતા રહે છે. તેથી વ્યવહારરાશિના જીવોની સંખ્યા કાયમ માટે જેટલી ને તેટલી જળવાઈ રહે છે. પણ મોક્ષ પામેલો જીવ ફરી પાછો સંસારમાં કે નિગોદમાં આવતો નથી તેથી નિત્ય નિગોદના જીવોમાંથી છ મહિનાને આઠ સમયના ગાળામાં છસો ને આઠ જીવો સતતપણે ઓછા થતાં રહે છે. અત્યાર સુધીમાં આવા અનંત જીવો નિત્ય નિગોદમાંથી બહાર આવી ચૂક્યા છે. અને આ પ્રક્રિયા ચાલુ જ છે. મોક્ષપ્રાપ્ત સિદ્ધ ભગવાનો સતત વધતાં જ જાય છે અને નિત્ય નિગોદના જીવો સતત ઘટતાં જ જાય છે. તેમ છતાં નિત્ય નિગોદના જીવોનો ક્યારેય અભાવ થતો નથી. તેનું કારણ એ છે કે સૂક્ષ્મ નિગોદિયા જીવોથી સંપૂર્ણ લોક ખચાખચ ભરેલો છે. અને નિગોદના એક શરીરમાં જ આ સુધીમાં સિદ્ધ પામેલ અનંત સિદ્ધ ભગવંતો કરતાંય અનંતગણા જીવો રહેલાં હોય છે. આ અનંત જીવોમાંથી અનંત જીવો બહાર નીકળી વ્યવહારરાશિમાં આવે તો પણ બાકીના જીવો અનંત જ રહે છે. અનંતકાળ પછીના મોક્ષ પામેલ જીવો અનંતગણા જ રહે છે. નિગોદના એક શરીરના અનંત જીવો ક્યારેય ઓછા થઈને અસંખ્યાત કે સંખ્યાત થતા નથી. અને આવા નિગોદના શરીર પણ જગતમાં અનંત છે. તેથી નિત્ય નિગોદના ગમે તેટલા જીવો વ્યવહારરાશિમાં આવી જાય તોપણ નિત્ય નિગોદ ક્યારેય ખાલી થતો નથી. આ રીતે ગમે તેટલા જીવો મોક્ષે જાય તોપણ સંસાર શૂન્ય થતો નથી.

**પ્રશ્ન :** તમારી વાત ગળે ઊતરે એવી નથી. સંસારી જીવો જગતમાં જે છે તે છે. તેમાં કોઈ નવા જીવો આવતા નથી કે ઉત્પન્ન થતા નથી અને દર છ મહિના ને આઠ સમયમાં છસો ને આઠ જીવો મોક્ષને પામતા રહે છે. આજ સુધીમાં આવા અનંત જીવો મોક્ષને પામ્યા છે અને ભવિષ્યમાં પામશે. મોક્ષ પામેલ જીવો સતત વધતાં જાય છે અને સંસારી જીવો સતત ઘટતાં જાય છે. તો અનંતકાળ પછી પણ એક દિવસ એવો આવે કે બધાં જીવો મોક્ષ પામી જાય અને સંસાર શૂન્ય થઈ જાય. આવું કેમ ન બને ?



**ઉત્તર :** અનંતનું ગણિત જ એવું છે કે જે ગળે ઊતરવું અઘરું પડે છે. અહીં અનંત એટલે જેનો ક્યારેય અંત ન આવે એવી અક્ષયઅનંત સંખ્યા છે. નિગોદના એક શરીરમાં જ આવા અક્ષયઅનંત જીવો છે. આ અનંતમાંથી અનંત જીવો ઓછા થાય તોપણ બાકી રહેલા જીવો અનંત જ હોય છે. જેનું કોઈ પરિમાણ હોય તેવી સંખ્યામાંથી બાદબાકી થતાં થતાં છેવટે શૂન્ય આવે. પરંતુ અનંતમાંથી ગમે તેટલું બાદ કરો તોય તેનો અંત આવે નહિ. અને તેથી જ તો તે અનંત છે. આ કારણે સંસારમાંથી અનંત જીવો મોક્ષ પામ્યા અને મોક્ષ પામેલ જીવો સંસારમાં પાછા ન ફરતા હોવા છતાં પણ સંસાર ક્યારેય શૂન્ય થતો નથી.

જેમ ત્રણ કાળના સમયો અનંત છે તેમ ત્રણ લોકના નિગોદ સહિતના જીવો પણ અનંત છે. જેમ ગમે તેટલો કાળ વ્યતીત થવા છતાં કાળનો અંત આવતો નથી તેમ ગમે તેટલાં જીવો મોક્ષ પામે તોપણ નિગોદના જીવો ખાલી થતા નથી.

### ૭- અપુનર્ભવ

મોક્ષ પામેલ પરમાત્મા ફરી પાછા સંસારમાં અવતાર ધારણ કરતા નથી તેને અપુનર્ભવ કહે છે.

મોક્ષ પામેલ સિદ્ધ ભગવાનના અપુનર્ભવ સ્વરૂપની ચર્ચા **પ્રકરણ : ૨૧ : મોક્ષની સાબિતિ**માં આવી ગઈ હોવાથી અહીં તે ફરી આપવામાં આવતી નથી.

## ઉપસંહાર

સિદ્ધ ભગવાનનું સ્વરૂપ અલૌકિક અને અચિંત્ય છે. સિદ્ધ ભગવાનનું નિવાસસ્થાન સિદ્ધશિલા છે. સિદ્ધ ભગવાનની અવગાહના અને આકાર ચરમ દેહથી કિંચિત્ ન્યૂનપણે હોય છે. તદ્દન નિરૂપાધિક અને પરમ નિરાલંબી એવા સિદ્ધ ભગવાન સંસારનો પુનર્ભવ પામતા નથી. આવા સિદ્ધોની સંખ્યા અનંત છે.

પૂર્ણ શુદ્ધ, પૂર્ણ સુખ અને પૂર્ણ સાધ્ય એવા સિદ્ધ ભગવાનનું સ્વરૂપ એ પોતાના જ જ્ઞાયક આત્માનું સ્વરૂપ છે. તેથી જેણે સિદ્ધ ભગવાનનું સ્વરૂપ જાણ્યું તેણે સર્વ જાણ્યું અને જેણે સિદ્ધનું સ્વરૂપ નથી જાણ્યું તેણે કાંઈ નથી જાણ્યું. સિદ્ધ ભગવાનના સ્વરૂપના નિર્ણય દ્વારા જ તેના જેવા પોતાના શુદ્ધાત્મસ્વરૂપનો નિર્ણય થઈ શકે છે. અને સિદ્ધ સમાન પોતાના શુદ્ધાત્માના જ્ઞાન, શ્રદ્ધાન અને અનુભવ વડે તેવી જ સિદ્ધ દશા પ્રગટ થઈ શકે છે. શ્રીમદ્ રાજચંદ્રના શબ્દોમાં—

સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય,
સદ્ગુરુ આજ્ઞા જિન દશા, નિમિત્ત કારણમાંય.

**ભાવાર્થ :** બધાં જીવો પોતાના ત્રિકાળ શુદ્ધ જ્ઞાયક સ્વભાવની અપેક્ષાએ સિદ્ધ સમાન જ છે. જે સિદ્ધના સ્વરૂપને સમજે છે તે સિદ્ધ સમાન પોતાના શુદ્ધ સ્વરૂપને ઓળખીને તેના આશ્રય દ્વારા તેવી જ સિદ્ધ દશા પ્રગટ કરે છે આ સિદ્ધના યથાર્થ સ્વરૂપને સમજવામાં આત્મજ્ઞાની સદ્ગુરુની આજ્ઞા અને તેમણે પ્રરૂપેલી જિન દશા નિમિત્તરૂપ કારણો છે.

(શ્રીમદ્ રાજચંદ્રઃ આત્મસિદ્ધિઃ ગાથા ૧૩૫)

#### ટિપ્પણ

૧. **ચરમદેહ :** અંતિમ શરીર • ૨. **નિત્યનિગોદ :** એક સૂક્ષ્મ શરીરમાં એક સાથે અનેક જીવો એક સાથે રહેતા હોય તેવા અનંતકાયના જીવોને નિગોદ કહે છે જે જીવો અનાદિકાળથી નિગોદમાં જ છે અને નિગોદમાંથી ક્યારેય બહાર નીકળ્યા નથી તેવા જીવોને નિત્ય નિગોદના જીવો કહે છે. • ૩. **ઈતર નિગોદ :** નિત્ય નિગોદમાંથી બહાર નીકળી થોડો સમય પ્રત્યેક કાયના સ્થાવર અને ત્રસ પર્યાયમાં રહી ફરી પાછા નિગોદમાં અવતરનાર જીવોને ઈતર નિગોદના જીવો કહે છે.

#### સંદર્ભ સાહિત્ય


**પ્રાસ્તાવિક** ૧. છ ઢાળા : ઢાળ ૩ : ગાથા ૬ નો પૂર્વાર્ધ; • ૨. મોક્ષમાર્ગ પ્રકાશક : અધ્યાય ૧ : સિદ્ધનું સ્વરૂપ

**૧ અવસ્થાન** ૧. ભગવતી આરાધના : ગાથા ૨૧૪૦; • ૨. તિલ્લોયપણ્ણતિ : ૯/૧૫; • ૩. જૈ.સિ.કોશ : ભાગ ૩ઃ મોક્ષ : ૫/૭, પાનું ૩૨૯; ૬/૫ પાનું ૩૩૧; • ૪. તત્ત્વાર્થરાજવાર્તિક : ૧૦/૪/૯/૬૪૩/૧૩.

**૨ અવગાહના** ૧. સર્વાર્થસિદ્ધિ : ૧૦/૪/૪૬૮/૧૩; ૧૦/૯/૪૭૩/૧૧; • ૨. તત્ત્વાર્થરાજવાર્તિક : ૧૦/૪/૧૨/૬૪૩/૨૪; ૧૦/૯/૧૦/૬૪૭/૧૫, ૧૯; • ૩. પરમાત્મપ્રકાશ : અધ્યાય ૧, ગાથા ૫૪; • ૪. તિલ્લોયપણ્ણતિ ૯/૧૦; • ૫. બૃહદ્ દ્રવ્યસંગ્રહ : ગાથા ૧૪ ની ટીકા; • ૬. તત્ત્વાર્થસૂત્ર : અધ્યાય ૧૦નો ઉપસંહાર, પાનું ૬૨૫; • ૭. તત્ત્વાર્થસાર : ૨/૧૩૭; • ૮. જૈ.સિ.કોશ : ભાગ ૩ઃ મોક્ષ : ૫/૬, પાનું ૩૨૯.

**૩. આકાર** ૧. તત્વાર્થસૂત્ર : અધ્યાય ૧૦નો ઉપસંહાર : સિદ્ધોનો આકાર : પાનુ ૬૨૫; ●૨. તિલ્લોયપણ્ણતિ : ૯/૧૦, ૧૬; ● ૩. જ્ઞાનાર્ણવ : ૪૦/૨૫;●૪. બૃહદ્ દ્રવ્ય સંગ્રહ : ગાથા ૧૪, ૫૧ અને ટીકા; ●૫ સર્વાર્થસિદ્ધિ : ૧૦/૪/૪૬૮/૧૩; ●૬. તત્ત્વાર્થરાજવાર્તિક : ૧૦/૪/૧૨/૬૪૩/૨૪; ●૭. જૈ.સિ.કોશ : ભાગ ૩: મોક્ષ : ૫/૫, ૬ પાનુ ૩૨૯.

**૪. નિરૂપાધિક** ૧. પંચાસ્તિકાયસંગ્રહ : ગાથા ૨૮, ૩૦, ૩૬, ૩૮, ૪૧ અને તેની ટીકા; ●૨. નિયમસાર : ૧૭૭, ૧૭૮ અને તેની ટીકા;

**૫. પરમ નિરાલંબી** ૧. બહેનશ્રીની સાધના અને વાણી : બહેનશ્રીની વિ.સં. ૧૯૯૨ની અંગત નોંધ, પાનુ ૮૪; ●૨. નિયમસાર : ગાથા ૧૪; ●૩. પ્રવચનસાર : ગાથા ૧૯૧ ની ટીકા; ●૪. તિલ્લોયપણ્ણતિ : ૪/૮૯૫;

**૬. સંખ્યા** ૧. ધવલ : ૧૪/૪, ૬, ૧૧૬/૧૪૩/૭; ૧૪/૫, ૬ ૧૧૬/૧૪૩/૧૦; ●૨. ગોમ્મટસાર : જીવકાંડ : ગા. ૧૯૭ની ટીકા; ●૩. સ્યાદ્વાદ મંજરી : ૨૯/૩૩૧/૧૩ પર ઉધ્ધૃત; ●૪. સર્વાર્થસિદ્ધિ : ૧૦/૯/૪૭૩/૨, ૩; ●૫. તત્વાર્થરાજવાર્તિક : ૧૦/૯/૧૧, ૧૨, ૧૩ / ૬૪૭/૨૧; ●૬. વરાંગચરિત્ર : સર્ગ ૧૦, પેરા ૨૯, ૩૦, ૩૧ પાનુ ૮૦; ●૭. જૈ.સિ.કોશ. ભાગ ૩: મોક્ષ : ૨/૫, પાનુ ૯૨; ૪/૧૧, પાનુ ૩૨૮; ભાગ ૪: સંખ્યા : ૨/૫, પાનુ ૯૨.

**૭. અપુનર્ભવ** ૧. પંચાસ્તિકાયસંગ્રહ : ગાથા ૨૮, ૩૦, ૩૬, ૩૮, ૪૧ અને તેની ટીકા; ●૨. નિયમસાર : ૧૭૭, ૧૭૮ અને તેની ટીકા;

**ઉપસંહાર** ૧. પદ્મનંદીપંચવિંશતિ : અધ્યાય ૮: સિદ્ધસ્તુતિ : શ્લોક ૨૫; ●૨. શ્રીમદ્ રાજચંદ્ર : આત્મસિદ્ધિ : ગાથા ૧૩૫.

## હેતુલક્ષી પ્રશ્નો

**યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુનાં ☐ ચોરસમાં દર્શાવો.**

**૧. સિદ્ધ ભગવાનનું સ્વરૂપ કેવું છે ?** ૧.☐
A. નિર્મળ અને નિઃશરીરી
B. પરિપૂર્ણ અને પુનર્ભવી
C. વીતરાગ અને હિતોપદેશી
D. નિર્દોષ અને નિરાલંબી

**૨. સાધક જીવનું કાયમી નિવાસ સ્થાન કયું ?** ૨.☐
A. સુવર્ણપુરી તીર્થધામ B. સિદ્ધ શિલા
C. પોતાનું વતન D. ભગવાનનું સમવસરણ

**૩. સિદ્ધ ભગવાનના શિરનો ભાગ એક જ સમથળ સપાટીએ કયાં હોય છે ?** ૩.☐
A. ઊર્ધ્વલોકમાં B. સિદ્ધશિલામાં
C. તનુવાત વાતવલયમાં D. ઈષત્પ્રાગ્ભાર પૃથ્વીમાં

**૪. સિદ્ધ ભગવાનની અવગાહના કેટલી ?** ૪.☐
A. ચરમદેહથી કિંચિત્ અધિક
B. ચરમદેહ જેટલી
C. ચરમદેહથી કિંચિત્ ન્યુન
D. ૩.૫ હાથથી લઈને ૫૨૫ ધનુષ જેટલી

**૫. વર્તમાન અવસર્પિણીકાળમાં મોક્ષ પામેલ ક્યા ભગવાનની અવગાહના ઉત્કૃષ્ટ હતી ?** ૫.☐
A. પ્રથમ તીર્થંકર ઋષભદેવ ભગવાન
B. પ્રથમ ગણધર વૃષભસેન ભગવાન
C. પ્રથમ ચક્રવર્તી ભરત ભગવાન
D. પ્રથમ મુક્તિપ્રાપ્ત બાહુબલિ ભગવાન

**૬. મુકતદશા પામતા સમયે જીવ સામાન્યપણે કઈ સ્થિતિમાં હોય છે ?** ૬.☐
A. બ્રહ્માંજલિ B. સિદ્ધાસન
C. જ્ઞાનમુદ્રા D. ધ્યાનસ્થ

**૭. સિદ્ધના પ્રદેશત્વ ગુણની પર્યાય કેવી છે ?** ૭.☐
A. નિરાકાર B. વિભાવવ્યંજન
C. નિશ્ચલ અને શાશ્વત D. પરસાપેક્ષ

**૮. જીવ સંબંધી મુખ્ય બાબતોમાં કોનો સમાવેશ છે ?** ૮.☐
A. ઈન્દ્રિયપણું B. શ્વાસોચ્છ્વાસપણું
C. દેહપ્રમાણપણું D. આયુષ્યપણું

**૯. સિદ્ધ ભગવાનનું જીવત્વ શું છે ?** ૯.☐
A. ઈન્દ્રિયપ્રાણ B. ભાવપ્રાણ
C. બળપ્રાણ D. આયુષ્યપ્રાણ

**૧૦. સિદ્ધ ભગવાન કઈ ચેતનાને વેદનાર છે?** ૧૦.☐
A. જ્ઞાન ચેતના B. અજ્ઞાન ચેતના
C. કર્મચેતના D. કર્મફળ ચેતના

**૧૧. સિદ્ધ ભગવાનનો ઉપયોગ કયા પ્રકારનો છે ?** ૧૧.☐
A. શુદ્ધોપયોગ B. અશુદ્ધોપયોગ
C. શુભોપયોગ D. અશુભોપયોગ

**૧૨. જીવ સંબંધી કઈ બાબત એક સાથે અને એકસરખી હોય છે ?** ૧૨.☐
A. જીવત્વ અને પ્રભુત્વ B. કર્તૃત્વ અને ભોકતૃત્વ
C. કારણ અને કાર્ય D. દ્રવ્ય અને પર્યાય

**૧૩. કોનું પ્રભુત્વ નિરૂપાધિક હોય છે ?** ૧૩.☐
A. અહમિન્દ્રનું B. તીર્થંકર ભગવાનનું
C. સિદ્ધ ભગવાનનું D. પોતાના આત્માનું

**૧૪. સિદ્ધ ભગવાનનું સ્વરૂપ કેવું છે ?** ૧૪.☐
A. સાલંબી B. નિરાલંબી
C. પરમ નિરાલંબી D. લોકાગ્રે માથાભેર લટકતું

**૧૫. તીર્થંકર અરિહંત સમવસરણના કમલાસન ઉપર કઈ રીતે બીરાજે છે ?** ૧૫.☐
A. કમલાસનની સમશ્રેણીએ લોકાગ્રે
B. કમલાસનને અડીને
C. કમલાસનથી વીસ હજાર હાથઊંચે અદ્ધર આકાશમાં
D. કમલાસનથી ચાર આંગળ ઊંચે અંતરિક્ષમાં

**૧૬. સિદ્ધ ભગવાનના પરમ નિરાલંબી સ્વરૂપની સ્થિતિમાં વિશેષતા શી છે ?** ૧૬.☐
A. અનાદિ–અનંત સ્થાયી સ્થિતિ
B. અંતિમ તનુવાત નામના વાતવલયમાં સ્થિતિ
C. સિદ્ધ શિલા ઉપર સશરીરી સ્થિતિ
D. પરમ નિશ્ચલ સ્થિતિ

**૧૭. સિદ્ધોની સંખ્યા કેટલી ?** ૧૭.☐
A. સંખ્યાત B. અસંખ્યાત
C. અનંત D. છસો ને આઠ

**૧૮. અતીતકાળના સમયો કરતાં સિદ્ધ ભગવાનની સંખ્યા કેટલી ?** ૧૮.☐
A. અસંખ્યાતગણી
B. અનંતગણી
C. અસંખ્યાતમા ભાગ પ્રમાણ
D. અનંતમાં ભાગપ્રમાણ

**૧૯. વ્યવહાર રાશિના સંસારી જીવોમાં કોનો સમાવેશ નથી ?** ૧૯.☐

A. અરિહંત ભગવાન B. નિત્ય નિગોદ
C. ઈતર નિગોદ D. મનુષ્ય

૨૦. જગતના બધાં જીવો સિદ્ધ સમાન કઈ અપેક્ષાએ છે ? ૨૦. ☐

A. ત્રિકાળ શુદ્ધ દ્રવ્ય સ્વભાવની અપેક્ષાએ
B. વર્તમાન પર્યાયની અપેક્ષાએ
C. ભાવિ નૈગમનયની અપેક્ષાએ
D. સિદ્ધ ભગવાનના ભૂતકાળની અપેક્ષાએ

## સૈદ્ધાંતિક પ્રશ્નો

### નીચેના પ્રશ્નોના એક કે બે વાકયોમાં ટૂંકા જવાબ આપો.

૧. સિદ્ધભગવાનનું શરીર કેવું છે ?
૨. શા માટે સિદ્ધનું સ્વરૂપ એક જ પ્રકારે હોય છે ?
૩. સિદ્ધ ભગવાનનાં સ્વરૂપ સંબંધી મુદ્દાઓ આપો.
૪. અવસ્થાન કોને કહે છે ?
૫. સિદ્ધ ભગવાનનું અવસ્થાન શું છે ?
૬. બધાં સિદ્ધ ભગવાનો લોકાગ્રે ઉપર નીચેના ભાગે ક્યા પ્રકારે હોય છે ?
૭. અવગાહના કોને કહે છે ?
૮. સિદ્ધ ભગવાનની અવગાહના ઉત્કૃષ્ટ અને જઘન્ય કેટલી હોય છે ?
૯. આકાર કોને કહે છે ?
૧૦.સિદ્ધ ભગવાનનો આકાર કેવો હોય છે ?
૧૧.પ્રદેશત્વ ગુણ કોને કહે છે ?
૧૨.પ્રદેશત્વ ગુણની પર્યાયને શું કહે છે ?
૧૩.નિરૂપાધિકપણું કોને કહે છે ?
૧૪.શા માટે સિદ્ધ ભગવાનનું સ્વરૂપ નિરૂપાધિક છે ?
૧૫.જીવ સંબંધી જે બાબત કે અધિકાર પ્રત્યે સિદ્ધ ભગવાનને કોઈપણ પ્રકારની ઉપાધિ હોતી નથી તેના નામ આપો.
૧૬.જીવત્વ કોને કહે છે ?
૧૭.શા માટે સંસારી જીવનું જીવત્વ સોપાધિક હોય છે ?
૧૮.શા માટે સિદ્ધ ભગવાનનું જીવત્વ નિરૂપાધિક હોય છે ?
૧૯.ચેતયિતૃત્વ કોને કહે છે ?
૨૦.શા માટે સંસારી જીવનું ચેતયિતૃત્વ સોપાધિક હોય છે.
૨૧.શા માટે સિદ્ધ ભગવાનનું ચેતયિતૃત્વ નિરૂપાધિક હોય છે ?
૨૨.ઉપયોગ કોને કહે છે ?
૨૩.ઉપયોગના કેટલા પ્રકાર છે ? કયા કયા ?
૨૪.શા માટે સંસારી જીવનો ઉપયોગ સોપાધિક હોય છે ?
૨૫.શા માટે સિદ્ધ ભગવાનનો ઉપયોગ નિરૂપાધિક હોય છે ?
૨૬.કર્તૃત્વ કોને કહે છે ?
૨૭.શા માટે સંસારી જીવનું કર્તૃત્વ સોપાધિક હોય છે ?
૨૮.શા માટે સિદ્ધ ભગવાનનું કર્તૃત્વ નિરૂપાધિક હોય છે ?
૨૯.ભોક્તૃત્વ કોને કહે છે ?
૩૦.શા માટે સંસારી જીવનું ભોક્તૃત્વ સોપાધિક હોય છે ?
૩૧.શા માટે સિદ્ધ ભગવાનનું ભોક્તૃત્વ નિરૂપાધિક હોય છે ?
૩૨.પ્રભુત્વ કોને કહે છે ?
૩૩.શા માટે સંસારી જીવનું પ્રભુત્વ સોપાધિક હોય છે ?
૩૪.શા માટે સિદ્ધ ભગવાનનું પ્રભુત્વ નિરૂપાધિક હોય છે ?
૩૫.જીવનું દેહપ્રમાણપણું એટલે શું ?
૩૬.શા માટે સંસારી જીવનું દેહપ્રમાણપણું સોપાધિક છે ?
૩૭.શા માટે સિદ્ધ ભગવાનનું દેહપ્રમાણપણું નિરૂપાધિક છે ?
૩૮.નિરાલંબીપણું એટલે શું ?
૩૯.પરમ નિરાલંબીપણું એટલે શું ?
૪૦.શા માટે સિદ્ધ ભગવાન પરમ નિરાલંબીપણે બિરાજમાન છે ?
૪૧.શા માટે સંસારી જીવને પોતાના સ્થાન કે સ્થિતિ માટે કોઈ આલંબનની જરૂર રહે છે ?
૪૨.ઉદાસીન નિમિત્ત કેવું હોય છે ?
૪૩.પ્રેરક નિમિત્ત કેવું હોય છે ?
૪૪.સિદ્ધોની સંખ્યા કેટલી છે ?
૪૫.નિરંતર દરેક સમયે જીવ મોક્ષ પામતા રહે તો કયાં સુધી પામે છે ?
૪૬.બે સિદ્ધ વચ્ચેનો વધુમાં વધુ અંતરાલ કેટલો હોય છે ?
૪૭.કેટલા સમયના વિભાગમાં કેટલા જીવો મોક્ષ પામે એવો નિયમ છે ?
૪૮.એક સમયમાં એક સાથે મોક્ષ પામનાર સિદ્ધ કેટલા હોય શકે છે ?
૪૯.સંસારી જીવના વ્યવહારરાશિના જીવ કોને કહે છે ?
૫૦.વ્યવહારરાશિના જીવોમાં કોનો સમાવેશ છે ?
૫૧.મનુષ્યોની કુલ સંખ્યા કાયમ માટે કેટલા આંકડાની હોય છે ?
૫૨.અપુનર્ભવ કોને કહે છે ?
૫૩.બધા જીવો કઈ અપેક્ષાએ સિદ્ધ સમાન છે ?
૫૪.સિદ્ધ ભગવાનના સ્વરૂપને સમજવાથી શો લાભ છે ?
૫૫.સિદ્ધ ભગવાનના યથાર્થ સ્વરૂપને સમજવામાં કોણ નિમિત્ત હોય છે ?

### નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.

૧. સિદ્ધ ભગવાન કઈ રીતે નિર્મળ અને નિઃશરીરી છે ?
૨. સિદ્ધ ભગવાનના અવસ્થાન વિષેની માહિતિ આપો.
૩. સિદ્ધ ભગવાનની અવગાહના વિષેની માહિતિ આપો.
૪. સિદ્ધ ભગવાનના આકાર વિષેની માહિતિ આપો.
૫. સિદ્ધ ભગવાનને કઈ રીતે નિરાકાર અને સાકાર માનવામાં આવે છે ?
૬. શા માટે સંસારી જીવનો આકાર અશુદ્ધ વિભાવિક છે અને સિદ્ધ ભગવાનનો આકાર શુદ્ધ સ્વભાવિક છે ?
૭. સિદ્ધ ભગવાનના નિરૂપાધિક સ્વરૂપ વિષે માહિતિ આપો ?
૮. સિદ્ધ ભગવાનના નિરાલંબીપણા વિષે મહત્વની માહિતી આપો.
૯. શા માટે સંસારી જીવની સ્થિતિ સાલંબી અને સિદ્ધ ભગવાનની સ્થિતિ નિરાલંબી હોય છે ?
૧૦.અરિહંત ભગવાનનું નિરાલંબીપણું કઈ રીતે અને શા માટે છે ?
૧૧.સિદ્ધ ભગવાનનું નિરાલંબીપણું એ કઈ રીતે પરમ નિરાલંબીપણું છે ? અરિહંત ભગવાનના નિરાલંબીપણાથી તે કઈ રીતે જુદું પડે છે ?
૧૨.સિદ્ધ ભગવાનના પરમ નિરાલંબીપણામાં શી વિશેષતા છે ?
૧૩.સિદ્ધ ભગવાનના સંખ્યા વિષેના સ્વરૂપની મહત્વની માહિતિ આપો.
૧૪.શા માટે મોક્ષપ્રાપ્ત સિદ્ધ ભગવંતો કાયમ માટે અતીતકાળના અસંખ્યાતના ભાગ પ્રમાણ જ હોય છે ?
૧૫. મોક્ષ પામતા જીવો ફરી પાછા સંસારમાં આવતા નથી. તોપણ વ્યવહાર રાશિના જીવો કાયમ માટે જેટલા ને તેટલા શી રીતે બની રહે છે?
૧૬.નિત્ય નિગોદમાંથી વ્યવહારરાશિમાં જીવો આવતા રહેવા છતાં નિત્ય નિગોદ કેમ ખાલી થતું નથી ?
૧૭.મોક્ષ પામતા જીવો સતત વધતાં જાય છે અને સંસારના જીવો સતત ઘટતાં જાય છે તો એક દિવસ સંસાર શૂન્ય થઈ જાય એવું કેમ ન બને?
૧૮.શા માટે સિદ્ધ ભગવાનનું સ્વરૂપ જાણ્યું તેણે સર્વ જાણ્યું છે અને સિદ્ધ ભગવાનનું સ્વરૂપ ન જાણ્યું તેણે કાંઈ જાણ્યું નથી ?
૧૯.સિદ્ધ ભગવાનનો આત્મા અને પોતાનો આત્મા કઈ રીતે એક સમાન છે?
૨૦.સિદ્ધ દશા પ્રગટ કરવા શું કરવું જોઈએ ?

### નીચેના વચ્ચેના તફાવત દર્શાવો (ત્રણ મુદ્દાઓ આપો)

૧. સંસારી જીવનું અવસ્થાન અને સિદ્ધ ભગવાનનું અવસ્થાન.
૨. સંસારી જીવનો આકાર અને સિદ્ધ ભગવાનનો આકાર.
૩. વિભાવ વ્યંજનપર્યાય અને સ્વભાવ વ્યંજનપર્યાય
૪. જીવ સંબંધી બાબતોમાં સંસારી જીવનું સોપાધિકપણું અને સિદ્ધ ભગવાનનું નિરૂપાધિકપણું.
૫. સંસારીજીવનું સાલંબીપણું અને સિદ્ધભગવાનનું નિરાલંબીપણું
૬. અરિહંતનું નિરાલંબીપણું અને સિદ્ધનું પરમ નિરાલંબીપણું.

### વિદ્યાર્થીઓની જૂથપ્રવૃત્તિ

૧. સિદ્ધ ના કોઈ એક સ્વરૂપને પસંદ કરી તેના ઉપર પ્રોજેકટ તૈયાર કરો.
૨. તમારા રાજ્યમાં આવેલ સિદ્ધ ક્ષેત્રની માહિતિ મેળવો.

### શિક્ષકની વિશેષ પ્રવૃત્તિ

૧. સિદ્ધ ભગવાનનું સ્વરૂપ અને પોતાના આત્માનું સ્વરૂપ નિશ્ચયથી સમાન જ છે તે બાબતની વિશદ સમજૂતી આપો.
૨. સિદ્ધ ભગવાનના સાચા સ્વરૂપને સમજવાથી પોતે મોક્ષમાર્ગમાં પ્રવેશી મોક્ષદશાને પ્રાપ્ત કઈ રીતે કરી શકે છે તે બાબત સમજાવો.
૩. સિદ્ધ ભગવાનનું સ્વરૂપ જાણ્યું તેણે સર્વ જાણ્યું અને તે ન જાણ્યું તેણે કાંઈ ન જાણ્યું એ કથનનું હાર્દ સમજાવો.